ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

સાબરમતીના કિનારે બિરાજમાન ધોળેશ્વર મહાદેવનો અપ્રતિમ મહિમા

દેવાધિરાજ ઈન્દ્ર દ્વારા સ્થાપિત ધવલેશ્વર મહાદેવનો મહાભારત, સ્કન્દ પુરાણ સહિત અનેક શાસ્ત્રોમાં ઉલ્લેખ : શ્રાવણ માસના સોમવારે શ્રધ્ધાળુઓની ભીડ ઉમટે છે

ગાંધીનગર, તા.૪

પવિત્ર શ્રાવણ માસમાં ભક્તિનો ઉત્સાહ અત્યારે શ્રધ્ધાળુઓ પર પૂર જોશમાં છવાયેલો છે. અને એમાં પણ સોમવારે નગરના શિવાલયો ઘંટનાદ અને ઓમ નમઃ શિવાયના મંત્ર જાપથી ગુંજી ઉઠે છે.

ગાંધીનગરની પૂર્વે સાબરમતી નદીના તટે આવેલ અતિ પૌરાણિક ધોળેશ્વર મહાદેવના મંદિરે ભકતોની દર્શનાર્થે ભીડ ઉમટી રહી છે. સોમવારે અહીંયા જાણે મેળો ભરાયો હોય તેવો ભાસ થાય છે.

એવું કહેવાય છે કે ધોળેશ્વર મહાદેવનું સ્થાન પ્રાચીનકાળથી તપોભૂમિ રૂપે સ્થિત છે અને તેનો ઉલ્લેખ મહાભારતથી લઈને સ્કંધ પુરાણ જેવા પૌરાણિક ગ્રંથોમાં જોવા મળે છે. દેવોના રાજા ઈન્દ્ર દ્વારા અહીં ભગવાન ભોળાનાથના શિવલિંગની સ્થાપના કરાઈ હોવાનું માનવામાં આવે છે. અહીં નજીકમાં આવેલ ઈન્દ્ર ગામે એટલે કે ઈન્દ્રોડા ગામે દેવાધિરાજ ઈન્દ્રે ભયંકર પાપમાંથી મુકિત મેળવવા સ્નાન કર્યું હતું અને ત્યારે ઈન્દ્રએ આ સ્થાને ધવલેશ્વર એટલે કે ધોળેશ્વરની સ્થાપના કરી હતી. આ શિવલીંગ ઈન્દ્રના નામથી પણ પ્રસિધ્ધી પામ્યું છે. અને જે કોઈ માનવી પૂનમે, અમાસે કે સંક્રાંતિના દિવસે અથવા સૂર્યગ્રહણ કે ચંદ્રગ્રહણ વખતે આ તિર્થમાં આવી પિતૃશ્રાધ્ધ કરે તો તેના પિતૃઓને બાર વર્ષ સુધીની તૃપ્તિ થાય છે. ધોળેશ્વર મહાદેવનો ઉલ્લેખ મહાભારત ઉપરાંત સ્કંદ પુરાણના ધર્મારણ્ય ખંડમાં તેમજ પદમપુરાણમાં ઉત્તરક્રિયા ખંડમાં ૧૫૧માં અધ્યાયમાં જોવા મળે છે. મહાભારતમાં આ મંદિરને ગુજરાતના કાશી-વિશ્વનાથની ઉપમા અપાઈ છે તેમજ સાબરમતી નદીને પણ કળિયુગની ગંગા કશ્યપ પુત્રી 'સાભ્રમતી' તરીકેનો ઉલ્લેખ જોવા મળે છે જેમાં સ્નાન કરવાથી ગંગા સ્નાનનું ફળ મળે છે.

આ ઉપરાંત અર્વાચીન યુગમાં કડીમાં પેશ્વા સરકારના સુબાના ઘોડશાળમાંથી ચોરોએ ઘોડાની ચોરી કરી નાસવાની તૈયારી કરતા હતા ત્યારે સૈનિકોએ તેમનો પીછો કર્યો હતો. આ ચોરોના ઘોડા જે કાળા અને લાલ હતા તે અહીં સફેદ એટલે કે ધોળા થઈ ગયા હતા ત્યારથી આ શિવાલય ધોળેશ્વર મહાદેવના નામે પ્રચલિત બન્યું હોવાનું મનાય છે. આવા પૌરાણિક અને ધાર્મિક માહાત્મ્ય ધરાવતા ધોળેશ્વર મહાદેવે આખા વર્ષ દરમિયાન ચૌલક્રિયા, લઘુરૂદ્ર, રૂદ્રાભિષેક તેમજ અન્ય ધાર્મિક અનુષ્ઠાનો યોજાતા હોય છે. અહીં મંદીરનું કાળક્રમે જીર્ણોધ્ધાર થયા કર્યું છે. અને હાલ આ મંદિરે ભોજનશાળા, ગૌ શાળા તેમજ યજ્ઞશાળાનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. ઘેઘુર વનરાજી અને સાબરમતી નદીના અપ્રિતમ સૌંદર્ય વચ્ચે બિરાજમાન ધોળેશ્વર મહાદેવના આ મંદિરે શિવરાત્રી, જન્માષ્ટમી અને શ્રાવણ માસના છેલ્લા સોમવારે મેળો ભરાય છે. જો કે શ્રાવણ માસના દરેક દિવસે ખાસ કરીને સોમવારે અહીં મેળા જેવું જ વાતાવરણ અને જનમેદની

જોવા મળે છે. ધોળેશ્વર મહાદેવ વિવિધ સમાજ જેવા કે સઈ, સોની, જાની અને પટેલ ઉપરાંત કેટલાક જૈન લોકોના પણ આદ્યદેવતા તરીકે પુજાય છે અને બાળકોની ચૌલક્રિયા-મૂંડન વિધિથી લઈને પિતૃતર્પણ અને અનેક વિધિ-વિધાન, અનુષ્ઠાન યોજવામાં આવે છે.

બાળકોનો બગીચો : ગાંધીનગરના મોટા ભાગના સેક્ટરના બગીચાઓમાં બાળકોની રમત-ગમતના સાધનો માટે હંમેશા કાળજી રખાઈ છે. નવનિર્મિત સેન્ટ્રલ વિસ્ટામાં પણ બાળકોના રમત-ગમત માટેના સાધનો મૂકાયા છે અને બાળકો એનો ભરપૂર ઉપયોગ કરી રહ્યા છે. આજકાલ સેન્ટ્રલ વિસ્ટા ગાંધીનગરના હોટ પિકનિક સ્પોટ તરીકે ઉભરી રહ્યું છે. **(તસવીર : દિપક જાની)**

શહેરમાં માર્ગ સુધારણા પાછળ હજુ ૨૫ કરોડનો ખર્ચ થશે

'ખ' તેમજ રોડ નં. ૭ ઉપરાંત સેક્ટરોના આંતરિક માર્ગોનું કામ હાથ ધરાશે : વાઈબ્રન્ટની પૂર્વ તૈયારી

ગાંધીનગર, તા. ૪

શહેરમાં માર્ગ સુધારણાના વિવિધ ૭ કામોને અનુલક્ષી રૂ. ૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. નગરમાં રોડ નેટવર્કને ચકાચક બનાવવા બાકી રહેતા કામો પણ પૂર્ણ કરાશે. આ મામલે તંત્રકક્ષાએથી દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરી દેવાઈ છે.

શહેરમાં મુખ્યમાર્ગો ઉપરાંત જૂના સેક્ટરોના આંતરિક માર્ગોને અનુલક્ષી અગાઉ રૂ. ૩૬ કરોડના કામોનું આયોજન કરવામાં આવ્યું હતું. જો કે આ પૈકી કેટલાક કામો હજુ અપૂર્ણ છે. વરસાદી દિવસો શરૂ થયા બાદ શહેરમાં માર્ગ નવીનીકરણની કામગીરી હાલ પુરતી બંધ કરી દેવાઈ છે. પરંતુ માર્ગ સુધારણા અન્વયે નવા કામોને અનુલક્ષી તંત્ર દ્વારા નવેસરથી દરખાસ્ત તૈયાર કરી દેવાઈ છે. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર નિયત સમયના અંતે શહેરના કેટલાક માર્ગોનું કામ હાથ ધરવા આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં 'ખ' માર્ગની અને રોડ નં. ૭ અને ૫ વર્ષના અંતે સુધારણા હાથ ધરાશે. આ ઉપરાંત જી.આઈ.ડી.સી.નો ઈન્ડસ્ટ્રીયલ માર્ગ સે. ૬ થી ૧૯ ના સરકારી વસાહતના રસ્તાઓ તેમજ સે. ૨૦ થી ૩૦ના બાકી રહેલા આંતરિક માર્ગોનું પણ કામ હાથ ધરાશે. ઈન્ફોસિટી અને ડી.એલ.એફ. તરફના રસ્તાનું પણ સુધારણા હાથ ધરાશે. વાઈબ્રન્ચ ગુજરાતના આયોજનને અનુલક્ષી જરૂરી માર્ગ સુધારણા ઉપરાંત રસ્તા પર થર્મોપ્લાન્ટના પટ્ટા સેન્ટ્રલ વર્જને કલર પણ કરવામાં આવશે. આગામી દિવસોમાં દરખાસ્તને મંજુરી અપાયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

ચ-૦ થી ઈન્દિરાબ્રિજ વચ્ચેનો સર્વિસ રોડ ફોરલેન બનાવાશે

કોરીડોરને અનુલક્ષી અંદાજો તૈયાર : માર્ચમાં કામ શરૂ થશે : ૮૩ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર-અમદાવાદ કોરીડોર બનાવવાની યોજનાને લાંબા સમયકાળના અંતે પણ હાથ ધરી શકાઈ નથી. આ મામલે અગાઉ તંત્ર દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જો કે, કોરીડોરને અનુલક્ષી ચ-૦ થી ઈન્દિરાબ્રિજ વચ્ચેના સર્વિસ રોડને ફોરલેન બનાવવાનું કામ હાથ ધરવા આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અન્વયે એસ્ટીમેન્ટ તૈયાર કરી દેવાયો છે. જો કે આ કામગીરી શરૂ થતા વધુ ૬ મહીનાનો સમય લાગે તેમ છે.

ગાંધીનગર-અમદાવાદ ટ્વીનસીટી બનવા તરફ છે. આવા સંજોગોમાં ગાંધીનગરથી અમદાવાદ તરફના હદ પર દિનપ્રતિદિન ટ્રાફિકનો ધમધમાટ વધતો જાય છે. જ્યારે બન્ને સીટી વચ્ચેનો વાહનવ્યવહાર ઝડપી અને વધુ સલામત બને તેવા આશયથી માર્ગ-મકાન વિભાગ દ્વારા ચ-૦ થી ઈન્દિરાબ્રિજ વચ્ચે કોરીડોર બનાવવાનો નિર્ણય લેવાયો છે. જેને અનુલક્ષી અગાઉ વિભાગ કક્ષાએથી જરૂરી સર્વે અને અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. કોરીડોરના આયોજનને લઈ પ્રાથમિક તબક્કામાં આસપાસના સર્વિસરોડને ફોરલેન બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે માર્ગ પર સ્થિત તમામ ક્રોસ કનેક્ટીવીટી બંધ કરી દેવાશે જ્યારે ક્રોસ કનેશન દૂર કરવા ભાવિ સમયમાં ચાર ઓવરબ્રિજ પણ બનાવવામાં આવશે. કોરીડોરનું આયોજન ગીફ્ટ સીટી માટે ઉપયોગી બનશે. જ્યારે એરપોર્ટ સાથેનું જોડાણ પણ ઝડપી અને સરળ બનશે. ચ-૦ થી ઈન્દિરાબ્રિજ વચ્ચે સર્વિસરોડ ફોરલેન બનાવવાના મામલે અંદાજે તૈયાર કરી દેવાયા છે. આ યોજના પાછળ રૂ. ૮૩ કરોડનો ખર્ચ થાય તેવી શક્યતા છે. આગામી માર્ચ મહીનામાં કામ શરૂ થાય તેવી શક્યતા છે.

આગામી ૭૨ કલાકમાં સારો વરસાદ થવાની શકયતા

ગાંધીનગર, તા.૪

ગ્રહો અને જરદાયક નક્ષત્ર નાડીના યોગો જોતા તેમજ ભૂ-ભૌગોલિક સ્થિતિ અંગે અભ્યાસ કરતા રાજયમાં આગામી ૭૨ કલાકમાં ઘણા ભાગોમાં સારો વરસાદ થવાની શકયતા છે. આ વર્ષે વરસાદની નિયમિતતાથી ખેડૂતો ખૂબ પરેશાન થઈ રહ્યાં છે ત્યારે આગામી બે ત્રણ દિવસમાં સારો વરસાદ ખેડૂતોમાં ફરીથી આશાનો સંચાર કરશે તેવું લાગે છે.

વરસાદ ઓગષ્ટ તા. ૬, ૭ અને ૮માં વધુ રહે. સાબરકાંઠા અને મહેસાણાના ભાગોમાં પણ વરસાદની વકી રહે તેમજ ધરોઈ બંધમાં પાણીની આવક વધે તેવી શકયતા છે. સાબરમતીમાં પણ પાણી આવવાની પૂરેપૂરી શકયતા છે અને તેના કારણે રવિ પાકને પણ સારો એવો ફાયદો થશે. જયારે ખેડૂતો દ્વારા જો હાલમાં વરાંપ સિવાય ખેતર ખેડવામાં આવે તો પાક પીળો થઈ જવાની સંભાવના રહે તેમ છે. આશ્લેષા નક્ષત્રમાં નીંદામણ કરવું સારું પડશે તેવી ભલામણ જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

હલ્લો... ટેલિ માર્કેટીંગની જાળમાં ફસાઈને સે. ૨૨ના એક વરિષ્ઠ નાગરિક છેતરાયા

પોતાને ૭૫ વર્ષની ઉંમરે પણ વીમા કવચ મળશે તેવી આશાએ રૂપિયા ૫૦,૦૦૦નો ચેક આપી દીધો પણ કોર્પોરેટ એજન્ટે બોગસ સહી દ્વારા તેમના પુત્રની પોલીસી ઉતારીને મોકલી દીધી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના એક વરિષ્ઠ વ્યક્તિને વીમા કંપની દ્વારા છેતરીને રૂપિયા પચાસ હજારના પ્રિમીયમનો ચેક પોલીસી ઈસ્યુ કરી દેવાતા તેઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. આ છેતરપીંડી બાબતે વીમા કંપનીમાં વારંવાર ફરિયાદ કરવા છતાં કોઈ પણ પ્રકારની કાર્યવાહી કે જવાબ આપવામાં ન આવતા તેઓ હતપ્રભ થઈ જવા પામ્યા છે.

સેક્ટર-૨૨માં રહેતા ૭૫ વર્ષીય પુરુષોત્તમ ઠક્કરને વીમા કંપનીના કોર્પોરેટ એજન્ટ દ્વારા કરવામાં ટેલિફોનિક માર્કેટીંગનો કડવો અનુભવ થવા પામ્યો છે. તેમને તા. ૨૦ મે, ૨૦૧૪ની આસપાસ મુંબઈથી એક વીમા કંપનીના કોર્પોરેટ એજન્સીના ટેલિ માર્કેટીંગ ડીપાર્ટમેનમાંથી ફોન કરીને 'શુભ નિવેશ' પ્લાન વિશે સમજાવવામાં આવ્યું હતું. આ ફોનમાં તેમને પાંચ વર્ષ માટે રૂપિયા ૫૦,૦૦૦ નું રોકાણ કરી તેના પર વીમા કવચ ઉપરાંત પાંચ વર્ષે પાકતી મુદતે ૧૦.૭૫ ટકા વ્યાજ મુજબ ૩.૬૫ લાખ રૂપિયા પરત મળશે તેવી બાંહેધરી આપવામાં આવી હતી. આટલુ જ નહિ પરંતુ મુદત પુરી થયા પછી પણ ૧૦૦ વર્ષ સુધી વીમા કવલચ ચાલુ રહેશે તેવી પણ ખાત્રી આપવામાં આવી હતી. આટલી ઉંમરે તેમને વીમા કવચ મળશે તે કારણે તેઓએ આ પોલીસી લેવામાં રસ દાખવતા એજન્ટે તેમને તેમના પુત્ર નોમીની તરીકે રહેશે તેવુ જણાવી તે બાબતે તેમની વિગતો પુછી લેવામાં આવી હતી. ત્યારબાદ આ કોર્પોરેટ એજન્સીની અમદાવાદ શાખાએથી એક એજન્ટ આવી તેમના પુત્રની ગેરહાજરીમાં જરૂરી દસ્તાવેજ અને રૂપિયા ૫૦,૦૦૦ નો ચેક લઈ ગયો હતો. તેમજ પ્રપોઝલ ફોર્મમાં પુરુષોત્તમ ઠક્કરની સહી લઈને ગયો હતો.

થોડા દિવસ પછી વીમા કંપનીમાંથી તેમને તેમના પુત્રના નામે એક પત્ર મળ્યો હતો જેમાં કેટલાક દસ્તાવેજ ખુટતા હોવાનું જણાવી તેની માંગણી કરવામાં આવી હતી. પોલીસી માટે પુરુષોત્તમ ઠક્કરે પોતે દરખાસ્ત કરી હોવા છતાં પુત્રના નામે પત્ર આવેલો જોઈ તેઓ ચોંકી ઉઠ્યા હતા અને વીમા કંપનીની અમદાવાદની શાખા પર ફોન કર્યો હતો. પરંતુ ત્યાંથી તેમને પોલીસી બનીને ઈશ્યુ થઈ ગઈ હોવાનું જણાવતા તેમના આશ્ચર્યનો પાર રહ્યો નહોતો. સદર જીવન વીમાની તેમના પુત્રે માગણી નહોતી કરી અને દરખાસ્ત ફોર્મ પણ ભર્યુ ના હોવા ઉપરાંત ખૂટતા દસ્તાવેજો હોવા છતાં તેમના પુત્ર ચિરાગના નામની પોલીસી બનીને ઘરે આવી જતા તેમને આઘાત લાગ્યો હતો. તેમના પુત્રએ આ પોલીસી કેન્સલ કરવા સત્વરે કંપનીમાં ઈમેલ કરવા છતાં અને કંપનીના જણાવ્યા મુજબ ગેઝેટેડ ઓફિસર દ્વારા સહીના નમૂના એટેસ્ટેડ કરાવ્યા છતાં વીમા કંપનીએ ધરાર પોલીસી મોકલી દેતા તેઓ દિગ્મૂઢ થઈ ગયા હતા. વીમા કંપનીને વારંવાર કોર્પોરેટ એજન્ટ દ્વારા દખાસ્ત ફોર્મમાં અધુરી અને ખોટી વિગતો તેમજ બનાવટી સહી અંગે ધ્યાન દોરવા છતાં વીમા કંપની કે કોર્પોરેટ એજન્સી દ્વારા કોઈ જ પ્રત્યુત્તર આપવામાં આવ્યો નથી ત્યારે તેમને છેતરપીંડી થયાનો અહેસાસ થયો હતો.

વીમા કંપનીઓના કોર્પોરેટ એજન્ટો દ્વારા ટેલિમાર્કેટીંગ કરી ગેરરિતી આચરતી હોવાના અસંખ્ય કિસ્સા નગરમાં બની રહ્યા છે અને જેનાથી ભોળા રોકાણકારો જાળમાં ફસાઈને પોતાના પરસેવાની કમાણી ગુમાવી રહ્યા છે. ત્યારે આ બાબતે સરકાર અને ઈરડા દ્વારા નક્કર પગલાં લેવાનો સમય પાકી ગયો છે. રોકાણકારોએ પણ ટેલિ માર્કેટીંગની ચાલબાજીથી બચીને પોતાના વિશ્વાસુ અને જાણીતા એજન્ટ પાસેથી પોલીસી લેવી હિતકારક છે.

રાજ્યમાં વરસાદના ખમૈયા

ગાંધીનગર, તા. ૪

સૌરાષ્ટ્ર સહિત સમગ્ર રાજ્યમાં વરસાદે ખમૈયા કરતાં ઉઘાડ નિકળવા પામ્યો છે જો કે ઉકળાટ શરૂ થતાં લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા છે. રાજ્ય પૂર નિયંત્રણ કક્ષના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૧૪૬ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે જ્યારે ૧૦૨ તાલુકાઓમાં વરસાદ પડવા પામ્યો નથી. પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન સૌથી વધુ ૧૨૨ મી.મી. જેટલો ભારે વરસાદ નોંધાવા પામ્યો છે. રાજ્યના ૧૩ તાલુકાઓમાં બે થી પાંચ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. ૫૬ તાલુકાઓ એવા છે જેમાં ૧૨૬ થી ૨૫૦ મી.મી. જેટલો વરસાદ અત્યાર સુધીમાં નોંધાવા પામ્યો છે.

રાજ્યના સરેરાશ વરસાદ સાથે આ વર્ષે આ સમયગાળા દરમ્યાન અત્યાર સુધીમાં ૪૦૭.૬૬ મી.મી. એટલે કે ૫૧.૫૫ ટકા જેટલો વરસાદ નોંધાઈ જવા પામ્યો છે. રાજ્યમાં જૂનાગઢ જિલ્લો એવો છે જ્યાં સરેરાશ વરસાદ સામે આ વર્ષે ૮૩.૪૩ ટકા જેટલો વરસાદ નોંધાઈ જવા પામ્યો છે.

ગાંધીનગર ખાતે મહિલા પાણી સમિતિ સશક્તિકરણ સંમેલન

આદિજાતિ અને વનબંધુ ગ્રામ્ય વિસ્તારોમાં સ્વજલ ધારા યોજનાના લોકફાળાની રકમ રાજ્યની સરકાર પુરી પાડશે

ગાંધીનગર, તા.૦૪

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જણાવ્યું છે કે આદિજાતિ-વનબંધુ ગ્રામ્ય વિસ્તારોમાં આંતરિક પાણી વિતરણ વ્યવસ્થાના સ્વજલ ધારા યોજનાના લોકફાળાની ૧૦ ટકાની રકમ રાજ્ય સરકાર આપાશે. મુખ્યમંત્રીએ ગાંધીનગરના મહાત્મા મંદિરમાં યોજાયેલા મહિલા પાણી સમિતિઓના સશક્તિકરણના રાજ્યકક્ષાના સંમેલનનું ઉદઘાટન કર્યું હતું અને ૨૭૬૨ પાણી સમિતિઓને ૨૭.૫ કરોડની સ્વનિર્ભરતા અનુદાન રાશિ અર્પણ કરી હતી.

આનંદીબેન પટેલે ગ્રામકક્ષાએ પાણી વિતરણ વ્યવસ્થાપનમાં નારીશક્તિની સક્રિય ભાગીદારી પ્રેરિત કરવા મુખ્યમંત્રી મહિલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના અન્વયે ૧૦૦ ટકા મહિલા સભ્યો ધરાવતી સમિતિઓને પ્રત્યેકને રૂા. એક

લાખનું અનુદાન પણ એનાયત કર્યું હતું. મુખ્યમંત્રીએ આંતરિયાળ દુર્ગમ ગ્રામ્ય વિસ્તારોમાં શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવામાં મહિલા પાણી સમિતિઓના નિર્ણાયક યોગદાનની સરાહના કરી હતી. સમગ્ર દેશમાં ગુજરાતની પાણી સમિતિઓ શ્રેષ્ઠ બની રહી છે. રાજ્યમાં હાલ ૭૪૧૧૪ મહિલાઓ વિવિધ ગામોની પાણી સમિતિ સાથે સંકળાયેલી છે જ્યારે ૨૬૧૦ પાણી સમિતિમાં ૫૦ ટકા મહિલા સભ્યો પ્રતિનિધિત્વ ધરાવે છે. પીવાના પાણીના ક્ષેત્રે સંચાલન અને વહીવટ મહિલાઓએ તેમની કાર્યક્ષમતાનો અનુભવ કરાવ્યો છે તે માટે મુખ્યમંત્રીએ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ખાનગી માલિકીમાં જનહિત માટે પાણીના બોર ઉપર અગાઉ વીજ જોડાણ મેળવવામાં વિલંબ થતો હતો તે નિવારી આવા બોરને પણ વીજ જોડાણ આપવાના જનકલ્યાણ નિર્ણયની ભૂમિકા આપી હતી.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS | R.FIXIT | TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com